# સાવધાન : શહેરમાં કોરોનાના ૧૧ અને ગ્રામ્યમાં આઠ કેસ નોંધાયા

**આઈ.આઈ.ટી.માં ૪, સે. ૭ માં ૩, ઈન્ફોસીટી, કુડાસણ, સે. ૧૪, સે. ૩૦ માંથી કેસ મળ્યા : આઈ.આઈ.ટી.માં ૧ વર્ષનું બાળક અને સે. ૩૦માં ૯ વર્ષનું બાળક કોરોનાથી સંક્રમિત થયુ : ગાંધીનગર ગ્રામ્યમાં પાંચ અને કલોલમાંથી ૩ કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ તથા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ અન્ય જિલ્લાનો નોંધાઈને આવ્યો હોવાથી તે તબદીલ કરવામાં આવ્યો છે.

શહેર-જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી કોરોનાની ગતિ જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતાઓ પણ વધી રહી છે. શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમીશન વધી રહ્યુ છે એટલુ જ નહિ શહેરમાં આઈ.આઈ.ટી. સંસ્થામાં કોરોનાએ પુનઃ દેખા દેતાં તંત્ર પણ ચોંક્યુ છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા સાથે નાના બાળકો અને મોટી વયના દર્દીઓની સંખ્યા પણ જે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ દરમ્યાન જરૂર પડ્યે સીરો ટેસ્ટ પણ કરવાની સલાહ આપી છે. જેથી દર્દીમાં રોગ પ્રતિકારક શક્તિ કેટલી ઘટી છે તેનો ખ્યાલ આવી શકે. તંત્રએ સર્વેલન્સને લઈ નવી ગાઈડલાઈન પણ જારી કરી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દી છે. બે નાના બાળકો છે. જેમાં એક બાળકની ઉંમર ૧ વર્ષ છે તો બીજાની નવ વર્ષ છે. પાંચ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે.

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા આઈ.આઈ.ટી.માં આજે એક સાથે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ૭૭ વર્ષની મહિલા, ૬૯ વર્ષીય પુરૂષ, ૧ વર્ષનું બાળક અને ૩૨ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ સે. ૭ માંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં ૩૫ વર્ષીય મહિલા, ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૧ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

ઈન્ફોસીટી વિસ્તારમાંથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સે. ૩૦માં એક નવ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ નોંધાયેલ છે. સે. ૧૪માંથી ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ કુડાસણ ગામ જે અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બની ઉભર્યુ હતુ ત્યાંથી ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. ખાસ કરીને નવા સેક્ટરો તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે. કોરોના ગાઈડલાઈનના ચુસ્ત અમલીકરણ તેમજ સઘન સર્વેલન્સની સાથે સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૪૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવા તંત્રએ તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા હોઈ તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. જિલ્લામાં સંવેદનશીલ બનેલ ગાંધીનગર ગ્રામ્ય અને કલોલ તાલુકામાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં મોડી રાત્રે પવન સાથે વરસાદી ઝાંપટુ

**દિવસોની રાહ જોવડાવ્યા બાદ આખરે શહેરમાં વરસાદે મુહૂર્ત કર્યુ : મોડી રાત્રે પવન સાથે લગભગ અડધો ઇંચ વરસાદ પડ્યો**



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના આકાશમાં ઘેરાતા વાદળો આખરે ગઈકાલે મોડી રાત્રે વરસ્યા. ભારે પવન સાથે લગભગ અડધા કલાક સુધી વરસાદી ઝાંપટુ પડતા થોડાક સમય માટે વાતાવરણમાં ઠંડક ફેલાઈ હતી. જોકે આજે દિવસ દરમ્યાન જરાય વરસાદ ન પડતા પુનઃ બફારાનો અનુભવ થયો હતો.

આ વર્ષે જૂન મહિનાના પહેલા અઠવાડિયાથી જ ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદી માહોલ બંધાયો હતો. દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદ પડી રહ્યો છે. વરસાદી માહોલ તો ગાંધીનગરમાં પણ છવાય છે પરંતુ જોઈએ તેવો વરસાદ પડતો નથી. વહેલી સવારે અને સાંજે છેલ્લા ઘણા દિવસોથી વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ પડતો ન હોવાથી વસાહતીઓ ભારે ઉકળાટનો અનુભવ કરી રહ્યા હતા. બફારા અને ઉકળાટથી નગરજનો એકદમ ત્રસ્ત બની ગયા છે. આવી સ્થિતિ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે શહેરમાં વરસાદી ઝાંપટુ પડ્યુ હતુ. આખરે વરસાદે શહેરમાં મુહૂર્ત કરતા નગરજનો આનંદિત બની ઉઠ્યા છે. મોડી રાત્રે લગભગ અડધા કલાક સુધી ભારે પવન બાદ વરસાદી ઝાંપટુ પડ્યુ હતુ. ભારે પવનના કારણે કેટલાક નગરજનો ઉંઘમાંથી ઉઠી ગયા હતા. ખુલ્લામાં સુઈ રહેલા શ્રમિકોને તો રાતોરાત આશરો ગોતવાની જરૂરીયાત ઉભી થઈ હતી. કેટલાકને તો સવારે જ ખબર પડી હતી કે રાત્રે વરસાદ પડ્યો હતો. લગભગ અડધા કલાક સુધી જોરદાર ઝાંપટુ પડતા ૯.૫ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જોકે સવારે વાદળો પુનઃ ગાયબ થઈ જતાં ફરીથી બફારા અને ઉકળાટે વસાહતીઓને હેરાન પરેશાન કરી મુક્યા હતા. ભેજનુ પ્રમાણ સવારે ૮૫ ટકા અને સાંજે ૪૯ ટકા નોંધાયુ હતુ.

# રાજ્યમાં કોરોનાના નવા ૪૧૬ કેસ નોંધાયા : ૨૩૦ દર્દી સાજા થયા

**રાજ્યમાં આજે કુલ ૮૨,૨૨૯ રસીના ડોઝ અપાયા હતા**

ગાંધીનગર, તા.૨૩

રાજ્યમાં કોરોનાના આજે નવા ૪૧૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૩૦ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૬,૦૩૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૫ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૮૨,૨૨૯ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૯૨૭ એક્ટિવ કેસ છે. જે પૈકી ૪ નાગરિકો વેન્ટિલેટર પર છે અને તેમની સ્થિતિ પ્રમાણમાં ચિંતાજનક છે. આ ઉપરાંત ૧૯૨૩ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૬,૦૩૬ નાગરિકો હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૬ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૦૭૯ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૬૭૧૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૬૮૯ ને રસીનો પ્રથમ અને ૩૯૮૮ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૦૦૩૧ ને પ્રીકોર્શન ડોઝ અપાયો હતો. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૬૭૭૫ ને રસીનો પ્રથમ અને ૧૨૯૪૮ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલા નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ આજે રાજ્યના ૧૨ શહેર-જિલ્લા કોંગ્રેસના પ્રમુખોની નિયુક્તી જાહેર કરી છે.



ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ તરીકે શૈલેન્દ્રસિંહ બિહોલાની નિયુક્તી કરવામાં આવી છે. શૈલેન્દ્રસિંહ બિહોલા મનપામાં વિપક્ષના નેતા પદે રહી ચુક્યા છે.

નિખાલસ અને સરળ સ્વભાવ ધરાવતા શૈલેન્દ્રસિંહ બિહોલા કાર્યકારી પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલાના અનુગામી બનશે. ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ ડૉ. કૌશિક શાહ વિદેશ જતાં તેમણે રાજીનામુ આપ્યુ હતુ.

ગાંધીનગર ઉપરાંત સુરત સીટી, ભાવનગર સીટી, ભરૂચ શહેરના પ્રમુખો ઉપરાંત સાબરકાંઠા, સુરત જિલ્લો, પોરબંદર, મહેસાણા, વલસાડ, કચ્છ, ભરૂચ જિલ્લો તેમજ અરવલ્લી જિલ્લા પ્રમુખોની નિમણુંક પણ આજે જાહેર કરવામાં આવી છે.

બિહોલાની ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે થયેલી નિમણુંકથી કોંગ્રેસ કાર્યકોરમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

# જિલ્લા ખરીદ-વેચાણ સંઘમાં લાલભાઈ પટેલ, સહકારી સંઘમાં કોદરભાઈ પટેલ વિજયી જાહેર

**તાલુકા ખરીદ વેચાણ સંઘમાં સુરેશભાઈ પટેલ વિજયી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન તરીકે લાલભાઈ પટેલને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

જિલ્લા ખરીદ વેચાણ સંઘની પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયાના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ચેરમેનપદ માટે બે ઉમેદવારી પત્રો આવ્યા હતા.

લાલભાઈ પટેલની તરફેણમાં ૧૦ મત અને હરેશભાઈ પટેલની તરફેણમાં ૬ મત પડ્યા હતા તેથી લાલભાઈને વધુ મત મળ્યા હોવાથી તેમને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા.

જિલ્લા સહકારી સંઘના ચેરમેન તરીકે કોદરભાઈ પટેલ બિનહરિફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. આ ઉપરાંત ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન તરીકે સુરેશભાઈ પટેલને બિનહરિફ જાહેર કરવામાં આવ્યા હતા.



**દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



**સ્વ. કેશવલાલ ડી. ઉપાધ્યાય**
(નિવૃત નાયબ સચિવ-મહેસુલ વિભાગ)
સ્વ તા. ૨૩/૦૬/૨૦૨૦, મંગળવાર
(વતન : સીપોર-વડનગર-જિ.મહેસાણા)

તમારું જીવન અમારી પ્રેરણા હતું.
તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો,
દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશુ નહીં.
ભગવાન તમારા આત્માને શાંતિ આપે.

લિ.
અરૂણાબેન કેશવલાલ ઉપાધ્યાય (પત્નિ)
વિરલ કેશવલાલ ઉપાધ્યાય (પુત્ર) | પ્રેરણા નિરવકુમાર જોષી (પુત્રી)
વૈભવી વિરલ ઉપાધ્યાય (પુત્રવધુ) | ડો. નિરવકુમાર આર. જોષી (જમાઈ)
તેમજ સમસ્ત ઉપાધ્યાય પરિવારના જય શ્રી કૃષ્ણ


# જિલ્લામાં ૪૭૪૨ બાળકોએ ધો. ૧માં તો ૧૬૩૬ ભૂલકાઓએ આંગણવાડીમાં પ્રવેશ લીધો

**પ્રવેશોત્સવને પગલે શાળા સંકુલો કલરવથી ગુંજી ઉઠ્યા : ૯૫ બાળકોનું પુનઃ નામાંકન કરાયુ : ૮ વિકલાંગ બાળકોએ ધો. ૧ માં પ્રવેશ લીધો : ૧૭ શાળાઓને ટ્રાન્સપોર્ટેશન માટે ખાસ વાહનો એનાયત કરાયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ૪૭૪૨ બાળકોને ધો. ૧ માં તેમજ ૧૬૩૬ ભૂલકાઓને આંગણવાડી કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

જિલ્લામાં આજથી શરૂ થયેલા આ ત્રિદિવસીય અભિયાનના પ્રથમ દિવસે જ શિક્ષણતંત્રને રૂ. ૪૭ લાખથી વધુ કિંમતનું દાન રોકડ અને વસ્તુ સ્વરૂપે મળેલ છે. જે દર્શાવે છે કે શિક્ષણ પ્રત્યે સામાજિક જાગૃતિ વધી છે. જોકે શાળાઓના નબળા પરિણામોથી પણ વાલીઓમાં ચિંતાની લ્હેર જોવા મળી છે.

આજે શાળા પ્રવેશોત્સવમાં સામાજિક જાગૃત્તિ માટે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, આગેવાનોને હાજર રાખવા ઉપરાંત પ્રવેશોત્સવ પછી સરકારે જે શિક્ષણ સુધારણાના પગલાં ભર્યા છે તેનાથી બધાને અવગત કરાવવામાં આવે છે.





આજે સરગાસણ પ્રા. શાળામાં "વિદ્યા સમીક્ષા કેન્દ્ર"ની વાત વિસ્તારથી કરવામાં આવી હતી. જિલ્લામાં પ્રવેશોત્સવને નવુ રૂપ આપવા શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણીય જાગૃત્તિનું અભિયાન પણ સરકારે છેડ્યુ છે.

રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે રાંદેસણની પ્રા. શાળામાં બાળકો સાથે વાતચીત કરી અને તેમને સ્કૂલ આવવું કેમ ગમે છે તે જાણવાની ઉત્સુકતા બતાવી હતી. સારૂ ભણી શું બનશો ? તેવો પ્રશ્ન પણ બાળકોને કર્યો હતો. મુખ્ય સચિવે આજના ઉત્સવ જેવુ વાતાવરણ શાળામાં સતત જળવાઈ રહે તે માટે શું કરવામાં આવે છે તે શિક્ષકો પાસેથી જાણવા માંગ્યુ હતુ. તેમના પ્રવચનની આ નવતર રીતે ઉપસ્થિત સૌ ગ્રામજનોના મન મોહી લીધા હતા. તેમણે એસ.એમ.સી. મિનિટ્સ સુંદર અક્ષરો સાથે લખી હોવાની નોંધ લઈ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. એક મીટીંગની મિનિટસમાં મહિલા સભ્યએ અંગ્રેજીમાં કરેલી સિગ્નેચરથી પ્રભાવિત થયા હતા. તેમણે મહિલા સશક્તિકરણ ક્ષેત્રે લેવાયેલા પગલાંઓ વિશે પણ ટૂંકી વાત કરી હતી.

આજના પ્રવેશોત્સવમાં ૮ વિકલાંગ બાળકોએ ધો. ૧ માં પ્રવેશ મેળવ્યો છે. આ ઉપરાંત ૯૫ જેટલા બાળકોનું શાળામાં પુનઃ નામાંકન કરવામાં આવ્યું છે. ૧૭ જેટલી શાળામાં બાળકોને શાળાએ લાવવા લઈ જવા માટે ખાસ ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા પણ શાળાઓને આપવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરે શાળામાં બાળકની નિયમિત હાજરી માટે શિક્ષક અને વાલી બન્નેની જાગૃતતા પર ભાર મુક્યો હતો.

રાજ્યના પોલીસ વડાએ પણ શિક્ષણથી મળતી શિસ્ત જીવનમાં કેટલી ઉપયોગી છે તેની પણ કેટલીક મહત્વની વાતો કહી હતી.

# વાહનોની ફીટનેશ કામગીરી માટેની પોલીસી જાહેર કરતું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

ગાંધીનગર, તા.૨૩

વાહન વ્યવહાર મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રોડ પર મુસાફરોની સલામતી જળવાય, પ્રદુષણની માત્રામાં ઘટાડો આવે અને રોડનો ઉપયોગ કરતાં વાહનોના ફીટનેશની કામગીરી સંપૂર્ણપણે કોઈ પણ માનવીય હસ્તક્ષેપ વિના થઈ શકે તે જરૂરી છે. આ અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારે બહાર પાડેલી નોટીફીકેશનના અનુસંધાને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેન્દ્ર સરકારની જોગવાઈઓને સંપૂર્ણપણે લાગુ કરી PPP મોડલ આધારિત પોલીસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં વાહનોના ફિટનેસ ટેસ્ટીંગ માટે ધોરણે ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન સ્થાપવા માટે તમામ અરજદારોને સમાન તક આપવામાં આવશે. કેન્દ્રના ધારાધોરણ મુજબની લાયકાતો પરિપૂર્ણ કરતાં તમામને સ્ટેશનો સ્થાપવાની મંજુરી આપવામાં આવશે અને એક અરજદાર વધુમાં વધુ ૧૦ સ્ટેશન સ્થાપી શકશે.

તેમણે ઉમેર્યું હતું કે, અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત સરકારે ઉદાર અભિગમ દાખવી ટેસ્ટીંગની સંપૂર્ણ ફી સ્ટેશનનાં સંચાલકને જ આપવાનો નિર્ણય કર્યો છે, જે આવા સ્ટેશનો સ્થાપવા માટે પ્રોત્સાહન પુરૂં પાડશે.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com